## // આંક–૩૨ ના હુકમ અનુસંધાને મુદ્દા નં.૬.૧ લગત હુકમ //

1. હાલના કામે પ્રતિવાદી નં.૩ તરફે આંક–૩૧ થી સી.પી.સી. ઓ.૧૪ રૂલ ૫ મુજબ અરજી આપતાં મારા પુરોગામીશ્રીએ સદર અરજી લગત વિગતવારનો હુકમ કરી હાલના કામે આંક–૨૨ થી જે મુદ્દાઓ ઘડેલ તે પૈકી મુદ્દા નં.૬.૧ થી "Whether the suit of the plaintiff is barred by provisions of Rule 97, 99 & 101 of O.21 of Code of Civil Procedure? તેવો મુદ્દો ઉમેરેલ છે. ત્યારબાદ હાલના કામમાં પ્રતિવાદી નં.૩ તરફે આંક–૩૨ થી મુદ્દા નં.૬.૧ થી ઉપરોકત મુજબનો જે મુદ્દો ઘડેલ છે તેને પ્રિલીમીનરી ઈશ્યુ તરીકે ટ્રીટ કરી તેને પ્રથમ ડીસાઈડ કરવા અરજી કરતા મારા પુરોગામીશ્રીએ સદરહુ અરજી મંજૂર કરી અરજી લગત મુદ્દા નં.૬.૧ પ્રથમ સાંભળવા અને નકકી કરવાનો વિગતવારનો હુકમ ફરમાવેલ છે.
2. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલના કામે પ્રતિવાદી નં.૧ કે તેમના તરફે તેમના વિ.વ.શ્રી વાય.એન. પઠાણ અદાલત સમક્ષ હાજર રહેલ નથી. પ્રતિવાદી નં.૨ વિરૂદ્ધ હાલનું કામ એકતરફી ચલાવવાનો વિગતવારનો હુકમ આંક–૧ લગત તા.૦૬.૧૦.૨૦૧૬ ના રોજ મારા પુરોગામીશ્રીએ ફરમાવેલ છે.
3. મારા પુરોગામીશ્રીએ પ્રતિવાદી નં.૩ તરફે આંક–૩૨ લગત ફરમાવેલ હુકમ અનુસંધાને હાલના કામે પ્રતિવાદી નં.૩ના વિ.વ.શ્રી તથા વાદીઓના વિ.વ.શ્રીને વિગતવાર સાંભળવામાં આવેલ છે. વાદીઓના વિ.વ.શ્રીએ મુદ્દા નં.૬.૧ થી ઉપરોકત ઘડેલ મુદ્દાનો જવાબ નકારમાં આવે તેવું જણાવી હાલનો દાવો આગળ ધપાવવા માટે ભારપૂર્વક પોતાની દલીલ કરેલ છે અને પોતાની દલીલના સમર્થનમાં સી.પી.સી.ની કલમ–૪૭ તથા ઓર્ડર–૨૧ રૂલ–૯૭ થી ૧૦૧ અને ૧૦૨ ની જોગવાઈઓ અંગે છણાવટ કરેલ છે તથા (૧) ગૌતમ ટ્રેડીંગ કંપની વિ. ઉમા ટ્રાન્સપોર્ટ ટ્રેડીંગ કંપની ૨૦૦૬(૩) જી.એલ.એચ. પાના

નં.૪૪૭, (૨) પટેલ વાઈન્સ વિ. નાટપુર કો.ઓ. બેંક લિ. ૨૦૦૬(૩) જી.એલ.એચ. પાના નં.૪૫૫, (૩) મંડુવા શ્રીરામામુર્થી વિ. ધ મેનેજર, આંધ્રબેંક એ.આઈ.આર. ૨૦૧૨ આંધ્રપ્રદેશ પાના નં.૬૬, (૪) સુફીયા અહેમદ મિલન હુશેન શાહ વિ. સુલોચના વસંત ભાવસાર એ.આઈ.આર. ૨૦૧૩ બોમ્બે પાના નં.૧૦૪, (૫) વિનિત તિવારી વિ. હરીન્દર પાલ સિંઘ ચાવલા ૨૦૨૫ એ.આઈ.આર. સી.સી. (દિલ્હી) પાના નં.૧૦૭૦, (૬) તાહીર વિ. ઈશાની વિ. મદન વામન ચોડાંકર એસ.એલ.પી.(સી) નં.૧૫૧૬૭ ઓફ ૨૦૨૨ તા.૦૬.૦૫.૨૦૨૫, ૨૦૨૫ આઈએનએસસી પાના નં.૧૦૪૪ ઉપર આધાર રાખેલ છે અને મુદ્દા નં.૬.૧ થી ઘડેલ મુદ્દાનો જવાબ નકારમાં આપી હાલના દાવાની ઈન્સાફી કાર્યવાહી આગળ ધપાવવા અરજ ગુજારેલ છે.

4. પ્રતિવાદી નં.૩ તરફે વિ.વ.શ્રીએ ભારપૂર્વકની દલીલો કરી મુદ્દા નં.૬.૧ નો જવાબ હકારમાં આપી વાદીનો દાવો ના–મંજૂર કરવા વિનંતી કરેલ છે તેમજ (૧) ઝવેરભાઈ ડુંગરશી શાહ વિ. મોઢ કનૈયા મણીયાર પ્રાણકુવરભાઈ હીરાલાલ અને બીજાઓ ૧૯૮૩– જી.એલ.એચ.(યુ.જે.) ૩૩, સીવીલ રીવીઝન એપ્લીકેશન નં. ૧૦૫૯/૧૯૮૨, તા. ૧૮.૧.૧૯૮૩, (૨) આશા દેવી અને બીજાઓ વિ. કુલવાસી દેવી અને બીજાઓ (૨૦૦૩) ૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૧૯, (૩) ભરવાડ બચુભાઈ ગાંડાભાઈ (મૃતક) મારફત બીજલભાઈ ટપુબ વિ. પુરીબેન નાનીભાઈ ૨૦૧૨ (૦) જીએલએચઈએલ–એચ.સી. ૨૨૭૪૬૨, (૪) લીલાવંતીબેન મોહનભાઈ ડાભી વિ. પ્રકાશભાઈ નાથાભાઈ સોનાગ્રા ૨૦૦૮(૦) જીએલએચઈએલ–એચ.સી. ૨૨૦૬૦૫, (૫) ગંગાબેન ઈશ્વરલાલ ભગત વિ. સોમાભાઈ મગનભાઈ અને બીજાઓ ૧૯૯૬(૧) જી.એલ.એચ. ૭૮૯, (૬) પ્રશંથા બેનર્જી વિ. પુષ્પા અશોક ચાંદની અને બીજાઓ એઆઈઆર ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ ૩૫૬૭(૨) (૭) નુરદુદ્દીન વિ. ડો. કે.એલ. આનંદ ૧૯૯૪ એઆઈઆર

એસસીડબલ્યુ ૫૦૯૩, (૮) શ્રીનાથ અને બીજાઓ વિ. રાજેશ અને બીજાઓ (૧૯૯૮)૪ સુપ્રીમ કોર્ટ કેસીસ ૫૪૩, (૯) બ્રહ્મદેવ ચૌધરી વિ. રીષીકેશ પ્રસાદ જયસ્વાલ અને બીજાઓ (૧૯૯૭)૩ સુપ્રીમ કોર્ટ કેસીસ ૬૯૪ અને (૧૦) ચંન્દ્રવતી કો.ઓફ. હાઉસીંગ સોસાયટી લી. મણીનગર વિ. ભૈરવનાથ એજયુકેશન અને કલ્ચરલ સોસાયટી ટ્રસ્ટ ૧૯૯૩(૧) જી.એલ.આર. ૧૧૬ ના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે અને વાદીના દાવાને ના-મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

5. વાદીઓના વિ.વ.શ્રી અને પ્રતિવાદી નં.૩ના વિ.વ.શ્રીને સાંભળ્યા. હાલના કામે રેકર્ડ તથા વાદીની દાવાઅરજી જોતાં, વાદીની દાવાઅરજીમાં વાદીઓએ મુખ્યત્વે એવી દાદ માંગેલ છે કે, રે.દી.દાવા નં.૨૫૨/૯૫ માં તા.૨૭/૦૪/૨૦૦૧ ના રોજ થયેલ હુકમનામું તેઓને બંધનકર્તા નથી અને તે હુકમનામાની અમલવારી તેમની સામે થઈ શકે નહીં. તેની સાથે વાદીઓએ સદર હુકમનામાની પોતાની સામે અમલવારી ન થાય તે માટે કાયમી મનાઈ હુકમની પણ માંગણી કરેલ છે. દાવાઅરજીમાં જ વાદીઓએ સ્પષ્ટ કથન કરેલ છે કે, તેમણે વાદગ્રસ્ત દુકાન પ્રતિવાદી નં.૧ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૬૫૮ તા.૨૩/૦૪/ ૧૯૯૯ થી ખરીદ કરેલ છે. વધુમાં તેઓએ એવો પણ ઉલ્લેખ કરેલ છે કે, ત્યારબાદ રે.દી.દરખાસ્ત નં.૮/૧૨ ની નોટિસ મળતા તેમને રે.દી.દાવા નં.૨૫૨/૯૫ ના હુકમનામા તથા તેની અમલવારી અંગે જાણ થઈ. પ્રતિવાદી નં.૩ તરફે એવી રજૂઆત છે કે, રે.દી.દાવા નં.૨૫૨/૯૫ માં થયેલ હુકમનામું તેમની તરફેણમાં થયેલ છે, તે અપીલ તથા સેકન્ડ અપીલ સુધી કાયમ રહેલ છે અને તેની અમલવારી માટે રે.દી.દરખાસ્ત નં.૮/૧૨ દાખલ થયેલ છે. પ્રતિવાદી નં.૩ ની મુખ્ય તકરાર એવી છે કે, વાદીઓ પોતાની તમામ તકરાર દરખાસ્તની કાર્યવાહીમાં રજૂ કરી શકે છે અને તે માટે સ્વતંત્ર દાવો કરી શકાય નહીં.

6. હાલના તબક્કે કોર્ટ સમક્ષ માત્ર દાવાની ચાલવાપાત્રતા (maintainability) નો પ્રશ્ન વિચારાધીન છે. તેથી વાદીઓ બોનાફાઈડ ખરીદદાર છે કે નહીં?, લીસ પેન્ડન્સનો સિદ્ધાંત અંતે લાગુ પડે છે કે નહીં?, વેચાણ વ્યવહારની કાયદેસરતા શું છે? અથવા વાદીઓના માલિકીહક્કની ગુણવત્તા શું છે? તેવા પ્રશ્નો ઉપર કોઈ અંતિમ નિર્ણય આપવાનો નથી.
7. સી.પી.સી. ઓર્ડર–૨૧ રૂલ–૯૭ થી ૧૦૧ ની જોગવાઈઓનો હેતુ એવો છે કે, હુકમનામાની અમલવારી દરમિયાન કબજો, હક્ક, માલિકી તથા હિત સંબંધિત પ્રશ્નો ઉભા થાય તો તે પ્રશ્નો શક્ય તેટલા અમલવારીની(દરખાસ્તની) કાર્યવાહીમાં જ નક્કી કરવામાં આવે અને તે બાબતે અલગ દાવાઓ ટાળવામાં આવે. વાદીઓ દ્વારા માંગવામાં આવેલ દાદોનું અવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે, તેમની મુખ્ય તકરાર હુકમનામાની અમલવારી સામેની છે. વાદીઓ એવી દાદ માંગે છે કે, હુકમનામું તેમને બંધનકર્તા નથી અને તેની અમલવારી તેમની સામે થઈ શકે નહીં. આમ, વિવાદનું મૂળ કેન્દ્ર હુકમનામાની અમલવારી સાથે સંકળાયેલ છે.
8. વાદીઓએ પોતાના પ્લીડિંગમાં જ દર્શાવેલ છે કે, તેમનો દાવો પ્રતિવાદી નં.૧ પાસેથી થયેલ ખરીદી ઉપર આધારિત છે. તેથી વાદીઓ પોતાનો હક્ક સ્વતંત્ર અને જુદા સ્ત્રોતમાંથી ઉત્પન્ન થયેલો હોવાનું દર્શાવતા નથી પરંતુ, પ્રતિવાદી નં.૧ મારફતે પ્રાપ્ત થયેલો હોવાનું રજૂ કરે છે. દાવાઅરજી મુજબ વાદીઓએ મિલકત તા.૨૩/૦૪/૧૯૯૯ ના રોજ ખરીદ કરેલ હોવાનું દર્શાવેલ છે, જ્યારે રે.દી.દાવા નં.૨૫૨/૯૫ વર્ષ–૧૯૯૫ માં દાખલ થયેલ હોવાની બાબત વિવાદાસ્પદ નથી. તેથી દાવાઅરજીના પોતાના કથનના આધારે વાદીઓ પ્રથમ દ્રષ્ટિએ પેન્ડેન્ટ લાઈટ ખરીદદાર હોવાનું પ્રતીત થાય છે. જોકે આ મુદ્દે કોઈ અંતિમ તારણ આપવામાં આવતું નથી અને આ નોંધ માત્ર હાલના પ્રિલીમીનરી ઈસ્યુના નિર્ણય માટે જ કરવામાં આવે છે.

..........................................

P.S.C.J., JETPUR.

9. રેકોર્ડ પરથી વધુમાં જણાય છે કે, રે.દી.દાવા નં.૨૫૨/૯૫ માં થયેલ હુકમનામું અપીલના તથા સેકન્ડ અપીલના તબક્કે પણ યથાવત રહેલ છે અને તેની અમલવારી માટે દરખાસ્ત કાર્યવાહી ચાલુ છે. તેથી હાલનો વિવાદ મૂળભૂત રીતે ડિક્રીની અમલવારી સાથે સંકળાયેલ વિવાદ હોવાનું સ્પષ્ટ થાય છે.

10. હવે, વાદી પક્ષે આધાર રાખેલ (૧) ગૌતમ ટ્રેડીંગ કંપની વિ. ઉમા ટ્રાન્સપોર્ટ ટ્રેડીંગ કંપની ૨૦૦૬(૩) જી.એલ.એચ. પાના નં.૪૪૭ ના ચુકાદામાં ત્રાહિત પક્ષ દ્વારા (દરખાસ્તની)અમલવારીની કાર્યવાહીમાં ઉઠાવવામાં આવેલ વાંધા અરજીના સંદર્ભમાં સી.પી.સી. ઓર્ડર–૨૧ રૂલ–૯૭ તથા સંબંધિત જોગવાઈઓની વ્યાખ્યા કરવામાં આવેલ છે. હાલના કેસમાં વાદીઓ પોતાનો હક્ક Judgment Debtor પાસેથી ખરીદીના આધારે દર્શાવે છે અને ડિક્રીની અમલવારી પોતાને બંધનકર્તા નથી તેવું ડેકલેરેશન માંગે છે. તેથી સદરહુ ચુકાદાના તથ્યો હાલના કેસના તથ્યોથી ભિન્ન હોવાથી સદરહુ ચુકાદો વાદી પક્ષને મદદરૂપ થતો નથી. વાદી પક્ષે આધાર રાખેલ (૩) મંડુવા શ્રીરામામુર્થી વિ. ધ મેનેજર, આંધ્રબેંક એ.આઈ.આર. ૨૦૧૨ આંધ્રપ્રદેશ પાના નં.૬૬ ના કેસમાં દાવો કરનાર વ્યક્તિઓ સ્વતંત્ર હક્કનો દાવો કરતી હતી, જયારે હાલના કેસમાં વાદીઓનો દાવો પ્રતિવાદી નં.૧ મારફતે ઉત્પન્ન થયેલો હોવાનું તેમના પોતાના પ્લીડિંગમાંથી સ્પષ્ટ થાય છે; તેથી સદરહુ ચુકાદો હાલના કેસના તથ્યોને લાગુ પડતો નથી. વાદી પક્ષે આધાર રાખેલ (૬) તાહીર વિ. ઈશાની વિ. મદન વામન ચોડાંકર એસ.એલ.પી.(સી) નં.૧૫૧૬૭ ઓફ ૨૦૨૨ તા.૦૬.૦૫.૨૦૨૫, ૨૦૨૫ આઈએનએસસી પાના નં.૧૦૪૪ના ના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે તેવા કેસના તથ્યોમાં નિર્ણય આપેલ હતો જ્યાં વાંધાકારકનો હક જજમેન્ટ ડેબ્ટર પાસેથી ઉત્પન્ન થતો ન હતો અને સ્વતંત્ર સ્ત્રોતમાંથી હોવાનો પ્રશ્ન હતો. હાલના કેસના પ્લીડિંગ્સમાં વાદીઓ પોતે જ પ્રતિવાદી નં.૧ પાસેથી ખરીદીનો દાવો કરે છે.

..........................................
P.S.C.J., JETPUR.

તેથી સદરહુ ચુકાદો હાલના કેસના તથ્યોને સીધી રીતે મદદરૂપ થતો નથી.

11. વધુમાં, વાદી પક્ષે આધાર રાખેલ (૨) પટેલ વાઈન્સ વિ. નાટપુર કો.ઓ. બેંક લિ. ૨૦૦૬(૩) જી.એલ.એચ. પાના નં.૪૫૫ ના ચુકાદાનો અભ્યાસ કરતાં જણાય છે કે, તે કેસમાં તૃતીય પક્ષ દ્વારા અમલવારી દરમિયાન મિલકતની હરાજી રોકવા માટે કરવામાં આવેલ અરજી સમયપૂર્વ (premature) હોવાનું માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ હતું તથા સી.પી.સી. ઓર્ડર–૨૧ રૂલ–૯૫ અને ૯૬ ની જોગવાઈઓના સંદર્ભમાં યોગ્ય તબક્કે વાંધા વિચારવાના હોવાનું અવલોકન કરેલ હતું. હાલના કેસમાં પ્રશ્ન હરાજી પૂર્વેની અરજીનો નથી પરંતુ હુકમનામું વાદીઓને બંધનકર્તા નથી તથા તેની અમલવારી તેમની સામે થઈ શકે નહીં એવી દાદ મેળવવા માટે દાખલ કરાયેલ સ્વતંત્ર દાવાની ચાલવાપાત્રતા (maintainability) નો છે. તેથી સદરહુ ચુકાદાના તથ્યો તથા હાલના કેસના તથ્યો ભિન્ન હોવાથી તે વાદી પક્ષને મદદરૂપ થતો નથી.

12. વાદી પક્ષે આધાર રાખેલ (૪) સુફીયા અહેમદ મિલન હુશેન શાહ વિ. સુલોચના વસંત ભાવસાર એ.આઈ.આર. ૨૦૧૩ બોમ્બે પાના નં.૧૦૪ ના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવેલ છે કે, જે વ્યક્તિએ દાવાની પેન્ડન્સી દરમિયાન જજમેન્ટ ડેબ્ટર પાસેથી મિલકત ખરીદ કરેલ હોય તે વ્યક્તિ pendente lite purchaser ગણાય છે અને તે ઓર્ડર–૨૧ રૂલ–૯૭ થી ૧૦૨ ની જોગવાઈઓનો આશરો લઈ હુકમનામાની અમલવારીનો પ્રતિકાર કરી શકતી નથી. આવા ખરીદદાર જજમેન્ટ ડેબ્ટરના સ્થાને આવે છે અને જજમેન્ટ ડેબ્ટર વિરૂદ્ધ થયેલ હુકમનામું તેના ઉપર પણ બંધનકર્તા રહે છે. હાલના કેસમાં પણ વાદીઓએ પોતાના દાવામાં સ્વીકારેલ છે કે, તેમણે વાદગ્રસ્ત મિલકત પ્રતિવાદી નં.૧ પાસેથી ખરીદ કરેલ છે. વધુમાં રે.દી.દાવા નં.૨૫૨/૯૫ ની પેન્ડન્સી દરમિયાન થયેલ ખરીદીનો

આક્ષેપ પ્રતિવાદી પક્ષે કરેલ છે. આવી પરિસ્થિતિમાં સદરહુ ચુકાદામાં પ્રતિપાદિત સિદ્ધાંત મુજબ વાદીઓનો ઉપાય અમલવારીની(દરખાસ્તની) કાર્યવાહીમાં ઉપલબ્ધ હોય તો તે ત્યાં જ અજમાવવાનો રહે અને હુકમનામાની અમલવારી અટકાવવા માટે સ્વતંત્ર દાવો ચાલવાપાત્ર ગણાવી શકાય નહીં. તેથી સદરહુ ચુકાદો વાદી પક્ષને મદદરૂપ થતો નથી, પરંતુ પ્રતિવાદી પક્ષની દલીલને વધુ સમર્થન આપે છે.

13. વાદીપક્ષે આધાર રાખેલ (૫) વિનિત તિવારી વિ. હરીન્દર પાલ સિંઘ ચાવલા ૨૦૨૫ એ.આઈ.આર. સી.સી. (દિલ્હી) પાના નં.૧૦૭૦ ના ચુકાદામાં સી.પી.સી. ઓર્ડર–૨૧ રૂલ–૯૭ થી ૧૦૨ ની જોગવાઈઓનું વિસ્તૃત વિશ્લેષણ કરીને સ્પષ્ટ ઠરાવેલ છે કે, હુકમનામાના જજમેન્ટ ડેબ્ટર અથવા જજમેન્ટ ડેબ્ટર મારફતે પેન્ડેન્ટ લાઈટ હક્ક મેળવનાર વ્યક્તિને હુકમનામાની અમલવારીમાં અવરોધ ઊભો કરવાનો અથવા ઓર્ડર–૨૧ રૂલ–૯૭ હેઠળ વાંધા ઉઠાવવાનો હક નથી. આવા વ્યક્તિઓ સામે ઓર્ડર–૨૧ રૂલ–૧૦૨નો સ્પષ્ટ પ્રતિબંધ લાગુ પડે છે. અદાલતે વધુમાં નોંધ્યું છે કે, ઓર્ડર–૨૧ રૂલ–૯૭ થી ૧૦૬ની જોગવાઈઓ અમલવારીમાં(દરખાસ્તમાં) ઊભા થતા પ્રશ્નોના નિરાકરણ માટે સંપૂર્ણ સંહિતા (complete code) સમાન છે અને જજમેન્ટ ડેબ્ટર અથવા તેના મારફતે હક્ક મેળવનાર વ્યક્તિને તે જોગવાઈઓનો આશરો લઈને અમલવારી અટકાવવાની મંજૂરી આપી શકાય નહીં. હાલના કેસમાં વાદીઓ પોતે જ દાવામાં દર્શાવે છે કે, તેમણે વાદગ્રસ્ત મિલકત પ્રતિવાદી નં.૧ પાસેથી ખરીદ કરેલ છે. આમ, વાદીઓનો દાવો સ્વતંત્ર સ્ત્રોતમાંથી ઉત્પન્ન થયેલો નહીં પરંતુ પ્રતિવાદી નં.૧ મારફતે ઉત્પન્ન થયેલો હોવાનું તેમના પોતાના પ્લીડિંગમાંથી જણાય છે. વધુમાં, વાદીઓની મુખ્ય માંગણી રે.દી.દાવા નં.૨૫૨/૯૫ ના હુકમનામાની અમલવારી સામેની તકરાર સ્વરૂપની છે. આવી પરિસ્થિતિમાં સદરહુ ચુકાદામાં

પ્રતિપાદિત સિદ્ધાંત મુજબ વાદીઓને સ્વતંત્ર દાવા દ્વારા હુકમનામાની અમલવારીને પડકારવાનો અધિકાર ઉપલબ્ધ હોવાનું માન્ય રાખી શકાય નહીં. તેથી સદરહુ ચુકાદો વાદી પક્ષને મદદરૂપ થતો નથી અને પ્રતિવાદી પક્ષની દલીલને સમર્થન આપે છે.

14. અત્રે એ પણ નોંધપાત્ર છે કે, સી.પી.સી. ઓર્ડર-૨૧ રૂલ-૧૦૨ ની જોગવાઈનો હેતુ એ છે કે, જજમેન્ટ ડેબ્ટર મારફતે પેન્ડેન્ટ લાઈટ હક્ક પ્રાપ્ત કરનાર વ્યક્તિઓના આધાર પર ડિક્રી હોલ્ડરના હક્કોને નિષ્ફળ બનાવવામાં આવે નહી. આમ, કોઈ વ્યક્તિને સી.પી.સી. ઓર્ડર-૨૧ હેઠળ ઉપલબ્ધ કોઈ ચોક્કસ ઉપાયનો લાભ ન મળે માત્ર એટલા કારણસર તેવી વ્યકિતને એ જ પરિણામ મેળવવા માટે અલગ સ્વતંત્ર દાવો દાખલ કરવાનો અધિકાર આપોઆપ પ્રાપ્ત થઈ જાય એવું માન્ય રાખી શકાય નહીં. જો હુકમનામાની અમલવારી સામેની તકરારને સ્વતંત્ર ઘોષણાત્મક દાવા(Declaratory Suit)ના સ્વરૂપમાં રજૂ કરવાની મંજૂરી આપવામાં આવે તો સી.પી.સી. ઓર્ડર-૨૧ની સમગ્ર યોજના અને તેમાં રહેલ પ્રતિબંધાત્મક જોગવાઈઓ નિરર્થક બની જાય. કાયદો જે બાબત સીધી રીતે પ્રતિબંધિત કરે છે તે જ બાબત પરોક્ષ રીતે પ્રાપ્ત કરવાની મંજૂરી આપી શકાય નહીં.

15. આ અદાલત ફરીથી સ્પષ્ટ કરે છે કે, હાલના તબક્કે વાદીઓના માલિકીહક્ક, બોનાફાઈડ ખરીદદાર હોવાનો દાવો અથવા લીસ પેન્ડન્સના અંતિમ પ્રભાવ અંગે કોઈ નિર્ણય આપવામાં આવતો નથી. હાલનો નિર્ણય માત્ર દાવાની ચાલવાપાત્રતા (maintainability) સુધી મર્યાદિત છે.

16. ઉપરોકત કરેલ તમામ ચર્ચા, રેકર્ડ ઉપરની ઉપરોકત જણાવેલ તમામ હકીકતો, દાવાઅરજીમાં માંગવામાં આવેલ દાદો તથા સી.પી.સી.ના ઓર્ડર-૨૧ રૂલ-૯૭ થી ૧૦૨ ની જોગવાઈઓ અને તેના હેતુને લક્ષમાં રાખતા આ અદાલત એવા નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે, વાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલ તકરાર હુકમનામાની

............................................

P.S.C.J., JETPUR.

અમલવારી સાથે સંકળાયેલ તકરાર છે અને તે બાબતે દાખલ કરાયેલ હાલનો સ્વતંત્ર દાવો કાયદેસર રીતે ચાલવાપાત્ર ગણાવી શકાય નહીં. જેથી, ઉપરોકત તમામ ચર્ચાને અંતે મુદ્દા નં.૬.૧ નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

1. આથી, મુદ્દા નં.૬.૧ નો જવાબ ન્યાયના હિતમાં "**હકારમાં**" આપવામાં આવે છે.
2. આથી, હાલના દાવામાં માંગવામાં આવેલ દાદોના સ્વરૂપ અને સી.પી.સી. ઓર્ડર–૨૧ રૂલ–૯૭ થી ૧૦૨ ની જોગવાઈના હેતુને લક્ષમાં લેતાં હાલનો સ્વતંત્ર દાવો ચાલવાપાત્ર નથી તેવું ન્યાયના હિતમાં ઠરાવવામાં આવે છે. પરિણામે, વાદીઓનો દાવો ના–મંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.
3. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
4. હુકમ મુજબ હુકમનામું દોરવું.

– હુકમ, આજ તારીખ ૨૦, માહે જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જેતપુર.
તા. ૨૦.૦૬.૨૦૨૬

(પ્રણવ દિલીપકુમાર મોદી)
પ્રિન્સી. સિનિ. સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી., જેતપુર.
કોડ નં.જીજે૦૧૨૦૨.

.........................................
P.S.C.J., JETPUR.